R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

ટે.નં.૦૭૯-૬૫૨૧૪૭૫૬ (મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

http://jagadishchristian.com
email:garvinavkranti @ yahoo.com

ESTD.YEAR- 21•ISSUE: 01 DATE: 06-01-2018•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to
સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## ગુજરાત સરકારમાં ઊભી થયેલી દરારમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલને ફરી પ્રતિષ્ઠિત ખાતુ સોપાંતા કટોકટીનો સુખદ ઉકેલ



તાજેતરમાં ગુજરાતની વિધાનસભાની ચુંટણીઓમાં ભાજપના વિજય બાદ સરકારનું ચયન થતાં ખાતાં વહેચણીના મુદ્દે કટોકટી સર્જાઇ હતી.જેમાં નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ પોતાના સન્માનને ઠેસ પહોચી છે તેમ જણાવીને પદભાર સંભાળવાનો ઈન્કાર કરેલો તેનાથી રાજકીય ગરમી પ્રસરી હતી. પરંતુ ભાજપની ઉચ્ચ નેતાગીરીએ તેનો સુખદ ઉકેલ લાવી દીધો છે.નાયબ સીએમ પટેલને પ્રતિષ્ઠિત નાણાં ખાતુ સોપી દેવામાં આવ્યુ હતું.રવિવારે રજાના દિવસે સ્વણિમ સંકુલમાં -૧માં આવેલી નાયબ મુખ્યમંત્રીની ચેમ્બરમાં આવી ચાર્જ લઇ લીધો હતો.તેમણે મીડીયા સાથેની વાતચીતમાં જણાવ્યુ હતું કેએમની ઉપર પક્ષના રાષ્ટ્રીય પ્રમુખ અમિત શાહનો ફોન આવ્યો હતો અને એમણે મહત્વના વિભાગની જવાબદારી સોપવા સાથે તેમનું સન્માન જાળવવાની ખાતરી આપી હતી. આ બાદ તેમને નાણાં ખાતાનો હવાલો સોપવામાં આવ્યો હતો.

## તામિલ ફિલ્મોના સુપરસ્ટાર રજનીકાંતે રાજકારણમાં ઝંપલાવવાની સાથે નવા રાજકીય પક્ષની જાહેરાત કરી



તામિલ ફિલ્મોના સુપર સ્ટાર રજનીકાંતે નવા રાજકીય પક્ષની રચનાની સાથે તેઓ પોતે રાજકારણમાં ઝંપલાવશે તેની જાહેરાત કરી દીધી છે.તેઓએ ૩૧મી ડિસેમ્બરના રોજ પોતાની રાજકીય યોજનાની જાહેરાત કરશે તેવું કહ્યુ હતું. તેમણે કહ્યુ કે આગામી વિધાનસભાની ચુંટણીમાં તમામ બેઠકો પર તેઓ તેમના ઉમેદવાર ઉભા રાખશે.રજનીકાંતે એમ પણ જણાવ્યુ હતું કે તેઓ કોઈ પદ કે પ્રતિષ્ઠા માટે રાજકારણમાં પ્રવેશી નથી રહ્યા. તામીલનાડું વિધાનસભામાં ૨૩૪ બેઠકો ધરાવે છે.તામિલનાડુંની તમામ બેઠક વિસ્તારમાં રજનીકાંતના ૨૫થી ૩૦ હજાર જેટલા પ્રશંસકો છે.જો કે તેમણે કહ્યુ હતું કે આ ફિલ્મ નથી.આ રાજકારણ છે અને તેના માટે શેરી શેરીએ પહોચવું પડશે.રજનીકાંતની રાજકારણમાં પ્રવેશવાની જાહેરાતે તેમના પ્રશંસકોમાં ખુશી વ્યાપી હતી.

રજનીકાંતે કહ્યુ હતું કે રાજ્યમાં લોકશાહીની સ્થિતિ સારી નથી.અન્ય રાજ્યો તામિલનાડુની મજાક ઉડાવી રહ્યા છે.આવામાં રાજકારણ પ્રવેશનો નિર્ણય ના લઉ તો પોતાનો જ દોષિત બની રહું.લોકશાહીના નામે પ્રજાના નાણાંની લુંટ ચાલી રહી છે.પાયામાં સુધારા કરવા સત્ય,પરિશ્રમ અને વિકાસ તે પક્ષનો મુળ મંત્ર રહેશે.

રજનીકાંતની નવા પક્ષની જાહેરાત પાછળ અનેક એવા લોકો છે જે તેમની સાથે તેમના પક્ષમાં જોડાઈ શકે છે. જેમાં કેટલીક ફિલ્મી હસ્તીઓ અને રાજકારણીઓ પણ હોઈ શકે છે. જો કે રજનીકાંતની રાજકારણમાં પ્રવેશ અને નવા પક્ષની રચનાના સંકેત ભાજપના સાંસદ સ્વામીને અકળાવનારા લાગ્યો છે. તેમણે કહ્યુ કે રજનીકાંત રાજકારણ માટે અભણ માણસ છે.આ માત્ર મીડીયા પ્રચાર થઈ રહ્યો છે.રજનીકાંતે માત્ર રાજકારણમાં પ્રવેશ કરશે તેવી જાહેરાત માત્ર કરી છે.તેમની પાસે કોઈ દસ્તાવેજ નથી. રાજકારણમાં રજનીકાંત અભણ છે તો તામિલનાડુની જનતા સમજદાર છે.

રજનીકાંતના નિર્ણયનો અભિનેતાઓમાંથી અમિતાભ બચ્ચન,કમલ હસન, અનુપમ ખેર સહિતના અભિનેતાઓએ આવકાર આપ્યો છે અને તેમને શુભેચ્છા પાઠવી છે.વર્ષ પુરુ થવાના છેલ્લા દિવસે રજનીકાંતે મોટા સમાચાર આપીને ન્યુઝ મેકર બન્યા છે તેમ અનુપમ ખેરે કહ્યુ હતું.

## મહારાષ્ટ્રમાં દલિતો-મરાઠાઓ વચ્ચે ફાટી નિકળેલા તોફાનો

મહારાષ્ટ્રના પુણેમાં બ્રિટિશ સેનાના પેશવાઓ સામેના વિજયની ૨૦૦મી વર્ષની ઉજવણી માટે એકત્રિત થયેલા હજારો દલિતો પર થયેલા હુમલાની આગ રાજ્યના અન્ય વિસ્તારોમાં પ્રસરી ગઈ હતી.દલિત અને મરાઠા સમુદાય વચ્ચે જાતિગત હિંસાના આગમાં વધુ લોકો ન હોમાય તે માટે મુંબઈમાં સાવચેતીની પગલાં સ્વરુપે શાળા-કોલેજોને બંધ રાખવામાં આવી હતી.ઠેર ઠેર વિરોધ પ્રદર્શનોને કારણે જાહેર જીવન અશાંત બન્યું હતું.મુંબઈની લોકલ ટ્રેન સેવાઓ પણ અસરગ્રસ્ત બની હતી. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાને સમગ્ર ઘટનાની ન્યાયિક તપાસના હુકમો કર્યા હતા.

જો કે વધુ રાજકારણ તેમાં ઉમેરાય તે પહેલાં આ બાબતનો ઉકેલ લાવી દેવો જરરી છે.મહારાષ્ટ્રની આ જાતિય હિંસાને કોગ્રેસના પ્રમુખ રાહુલ ગાંધીએ આક્ષેપ કરતાં કહ્યુ હતું કે ભારત માટે ભાજપ અને સંઘનો ફાસીવાદી દૃષ્ટિકોણ જ એ છે કે દલિતોને ભારતીય સમાજના નિચલા સ્તરે બની રહેવું જોઈએ.ટ્વીટરનો આશરો લઈને રાહુલે કોરેગાવ-ભીમમાં જાતિગત અથડામણોને મોદી સરકાર અને સંઘની કથિત દલિત વિરોધી નીતી સામે દલિત પ્રતિકારકનું એક પ્રતિક છે કહ્યુ હતું.

**અમારા તમામ ગ્રાહકો અને વાચકોને નવા વર્ષની પ્રેમી સલામ**

## સમગ્ર વિશ્વ પર યુધ્ધના વાદળ ફેરાઇ રહ્યા છે આ મુદ્દે પોતાનો દુઃખ વ્યક્ત કરતાં નામદાર પોપ



કેથોલિક સંપ્રદાયના વડા નામદાર પોપ ફ્રાંસિસે નાતાલ પ્રસંગે આપેલા પ્રવચનમાં કહ્યુ હતું કે સમગ્ર વિશ્વ પર યુધ્ધના વાદળો ઘેરાઈ રહ્યા છે.આ મામલે તેમણે મધ્યપુર્વમાં શાંતિ માટે ટુ સ્ટેટ જેવું સમાધાન શોધવા અનુરોધ કર્યો હતો તો કોરિયા દ્રિપકલ્પમાં સંઘર્ષ શમે તે માટે પ્રાર્થના કરી હતી. વૈશ્વિક તંગદીલી સર્જી રહેલા મુદ્દે પોપ ફ્રાંસિસે આ નિવેદન આપ્યુ હતું. સેન્ટ પીટર ચોક ખાતે મેદનીને નાતાલનો સંદેશો આપતાં તેમણે કહ્યુ હતું કે વિશ્વ યુધ્ધના ઉન્માદ તરફ આગળ ધપી રહ્યુ છે. તેના કારણે માનવ સમાજ અને પર્યાવરણને મોટું નુકશાન પહોચશે.ફ્રાંસિસે અપીલ કરી હતી કે પ્રભુ ઈસુનો જન્મ થયો તે પહેલાં બેથલેહેમ ખાતે મેરી અને જોસેફ જે ધર્મશાળા ખાતે રોકાયા હતા તેના દ્વાર જે રીતે બંધ કરાયા હતા તે રીતે હૃદયના દ્વાર બંધ ના કરવા જોઈએ.

## ચુંટણી ફંડ આપવા માટે સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડીયામાંથી બોન્ડ મળશે

ચુંટણી સમયે રાજકીય પક્ષોને મળતા અર્યાદિત ફંડ પર નજર રાખવા માટે સરકારે મહત્વનો નિર્ણય કર્યો છે.રાજકીય પક્ષોને હવે ફંડ આપવા માટે સ્ટેટ બેન્કમાંથી બોન્ડ મળશે.બોન્ડ થકી ડોનર્સ કોઈ રાજકીય પક્ષને ફંડ આપી શકશે.રાજકીય પક્ષને ફંડ આપવા માટે એસબીઆઈની પસંદ કરેલી બ્રાંચમાંથી વ્યાજ મુક્ત બોન્ડ ખરીદી શકાશે અને રાજકીય પક્ષોને ફંડ આપી શકાશે.આ માટે ડોનર્સે તમામ માહીતી આપવાની રહેશે.જેને કેવાયસી ડિટેઈલ કહેવામાં આવે છે.

જ્યારે ઈલેક્ટોરલ બોન્ડ રુ.૧,૦૦૦,રુ.૧૦,૦૦૦ રુ.૧ લાખ અને રુ.૧ કરોડની રકમના રહેશે.આ બોન્ડમાં ફંડ આપનારનું નામ નહીં હોય.આ બાબતે આરબીઆઈ એક્ટમાં પણ ફેરફાર કરવામાં આવશે.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો**
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઇટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઇ શકાશે.

# ગરવી નવક્રાંતિ

ભીમા-કોરેગાંવના ૨૦૦ વર્ષ જુના જંગની વરસીએ પુણેમાં હિંસા ભડકી અને આ હિંસાએ મહારાષ્ટ્રમા કોમી રમખાણમાં પરિર્તીત કર્યુ.ભીમા,પબલ અને શિકરાપુર ગામમાં દલિત અને મરાઠા સમુદાય વચ્ચે શરુ થયેલો વિવાદ હિંસક થઇ ગયો.ધીમે ધીમે સમગ્ર મહારાષ્ટ્રમાં તેનું વરવું સ્વરુપ પ્રગટ થયું.મહારાષ્ટ્રના તેર જિલ્લા પ્રભાવિત બન્યા.આની સાથે ગુજરાતમાં પણ તેના છાંટા ઉડ્યા.મોટાભાગના શહેરોમાં દલિત અને મરાઠા સમુદાયના લોકો આમને સામને આવી જતાં હિંસક અથડામણો થઇ અને હિંસાઓ પણ થઇ.મુંબઇ જેવું ધબકતું શહેરમાં એકાએક ધબકારા અટકી ગયા હોય તેમ લાગ્યું. શાળા કોલેજો,કચેરીઓ,લોકલ ટ્રેન,બસ,ખાનગી વાહનવ્યવહાર થંભી ગયા.અફવાઓનું બજાર એકદમ ગરમા ગરમ ભજીયા તળવા લાગ્યું.શાંતિ હણાઇ ગઇ.પરિસ્થિતિમાં એકદમ બદલાવ છતાં કોઇપણ રાજકીય પક્ષના નેતાઓ બહાર આવીને શાંતિ જાળવવા માટે લોકો પાસે આવ્યા નથી.કોઇ નિવેદનો બહાર પડાયા નથી.મહારાષ્ટ્રમાં અશાંતિ સર્જવા માટે કોઇ રાજકીય કુનેહ કામ કરી ગઇ કે કેમ તે સમજાતું નથી. ખેર,રાજકારણીઓના ખેલ આવા ચુંચપાતમાં નજરે ચડતા નથી પરંતુ તેનીગંધ તો પરખાઇ જાય છે.મરાઠાઓ પર વર્ચસ્વ ધરાવતી રાજકીય પાર્ટી શિવસેના હજુ સુધી ખુલીને બહાર આવી નથી.પરંતુ જે કાંઇ થઇ રહ્યું છે તે આર્દશ કહી શકાય નહી.

વરસી,માન્યતા કે કોઇ ઐતિહાસીક ઘટના, ફિલ્મ કે એવી બાબતોને લઇને લોકો એકબીજા પર વરસી પડે અને સામાન્ય સ્થિતિ ખોરવાઇ જાય તે સારી સમજ વાળી સ્થિતિ ગણી શકાય નહી. આઝાદીના લગભગ સાત દાયકા બાદ આવી પુખ્તતા આવી શકે નહી તેને લોકશાહી કહી શકાય કે કેમ તેવો પ્રશ્ન ઉભો થાય છે.આ દેશની પ્રજા શું આઝાદીને લાયક નથી કે શું ? ખેર,ચુંટણીઓમાં તો પ્રજા ખોટી બાબતો કે વચનોની જાળમાં ભેરવાઇ જાય છે તે તો આપણે જોતા આવ્યા છીએ. પરતુ એવા મુદ્દાઓ ઉપસ્થિત થાય અને લોકોનું સામાન્ય રોજીંદુ જન જીવન અસ્ત વ્યસ્ત કરી નાંખે તેવી પરિસ્થિતિ સર્જાય નહી તે જોવાનુ કામ તો દેશના તમામ અદના નાગરિકોની ફરજ છે તે કેમ કોઇ વિચારી શકતું નથી.આવા સમયે દેશના પ્રબુધ્ધ નાગરિકોની ફરજ છે કે તેઓ પોતના વિચારો દ્વારા જનમતનુ પરિવર્તન કરીને જનશાંતિ ઉભી કરે તે જરુરી છે.


**AGNELO FREE MARRIAGE SERVECES, INDIA**

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?

જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા

'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૩૫૩૮૩૩૨૨

**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


## વિજય ભલે ભાજપનો થયો પરંતુ ચર્ચા તો રાહુલ ગાંધીએ મારેલી છલાંગની છે.કોગ્રેસનો પરાજય નથી થયો

ગુજરાતની ચુંટણીમાં ભાજપનો વિજય થયો છે. વિજય તો થવાનો જ હતો અનને એ માટે ઢોલ વગાડવાની તૈયારી પણ પહેલેથી જ શરુ થઇ ગઇ હતી.પરંતુ જયઘોષ કરીને બેભાન થઇ જવાય ત્યાં સુધી નાચવું પડે એટલો દૈદિપ્યમાન વિજય ભાજપને મળ્યો છે ખરો ?વિજય ભલે ભાજપનો થયો પણ ચર્ચા રાહુલ ગાંધીએ મારેલી છલાંગની છે. પાટીદાર નેતા હાર્દિક પટે અને એમના સાથીઓ ચુંટણીમાં મક્કમપણે કોગ્રેસની પડખે ઊભા રહ્યા. રાહુલ આ યુવા નેતાઓને સાથે લઇને ગુજરાતનો જંગ લડ્યા અને જીતથી થોડે દુર જ રહ્યા. પરંતુ આર્થિક દષ્ટિએ સધ્ધર અને સત્તામાં હોવાને કારણે શક્તિમાન બનેલા ભાજપને આ છોકરાએ ૯૯ સીટ પર રોકી દીધા એ એક પ્રકારનો વિજય છે.એને લીધે વિજયનો ઢોલ વગાડનારાઓને સત્ય અને વાસ્તવિક પરિસ્થિતિનું ભાન થાય થાય તો સારુ, દેશના વડાપ્રધાને ચુંટણીમાં નાછુટકે ગુજરાતની અસ્મિતાનું કાર્ડ રમવું પડ્યું.આપણાં માણસ તરીકે ગુજરાતની જનતા ૯૯ મતદાર સંઘમાં મોદીની પડખે ઊભી રહી.જ્યારે રાહુલ અને હાર્દિકની જોડીનો ૮૦ બેઠકો પર વિજય થયો. ગુજરાત અને હિમાચલ પ્રદેશમાં ભલે ભાજપ જીત્યો પરંતુ કોગ્રેસનો પણ પરાજય નથી.કોગ્રેસ મુક્ત ભારતનું સ્વપ્ન પણ



પુરુ નથી થયું.ગુજરાત મોડેલ ડગમગી ગયું છે.૨૦૧૯ની સાલમાં એ તુટી ન પડે તો સારુ એવી ટિપણણી શિવસેનાના મુખપત્ર સામનામાં કરવામાં આવી હતી.

## કેટલાંક લોકોએ કેટલીક ખરાબ વાતો કરી પરિણામે જીતનો કોળીયો કોગ્રેસનો છીનવાઇ ગયો : ફારુક અબ્દુલ્લા

ગુજરાત અને હિમાચલ પ્રદેશની વિધાનસભાની ચુંટણીઓના પરિણામો પર પ્રતિક્રિયા આપતાં જમ્મુ-કાશ્મીરના ભુતપુર્વ મુખ્યમંત્રી ફારુક અબ્દુલ્લાએ કહ્યુ હતું કે હિમાચલ પ્રદેશમાં દર પાંચ વર્ષે એક પક્ષ બીજા પક્ષને સત્તા પરથી ઉતારીને શાસન કરે છે.

આ હિમાચલ પ્રદેશના રાજકારણની પેટન્ટ છે. પરંતુ ગુજરાતમાં કોગ્રેસે સારો દેખાવ કર્યો છે.તેમણે શાબ્દિક પ્રહારો કરતાં કહ્યુ હતું કે જો કેટલાંક લોકોએ કેટલીક ખરાબ વાત ન કરી હોત, તો કોગ્રેસે ગુજરાતમાં જીત મેળવી હોત. કોગ્રેસ નેતા મણિશંકર ઐયરની ટિપ્પણી પર તેને નામ લીધા વગર વાત કરી હતી.

ગુજરાતમાં કોગ્રેસે ૮૦ બેઠક પર જીત મેળવી છે જ્યારે બીજેપીએ ૯૯ સીટ પર વિજય મેળવ્યો છે.ભાજપની સીટમાં ઘટાડો થયો છે.

અબ્દુલ્લાએ એ સવાલ કરતાં કહ્યુ હતું કે પાકિસ્તાનમાં મોદી મુલાકાત અર્થે ગયા ત્યારે પાકિસ્તાને કોઇ યુક્તિ કરી હતી ?વડાપ્રધાન મોદીએ વિધાનસભા ચુંટણી પ્રચારમાં અનેક વખત પાકિસ્તાનનું નામ લીધું હતું. ફારુક અબ્દુલ્લાએ કહ્યુ કે મોદી પાકિસ્તાન ગયા હતા અને ત્યાં જમવાનું લીધું હતું એનો અર્થ શું ?

રાજકારણના ભેદભરમ જ આને કહેવાય છે. ભાજપની એક નીતિ રહી છે કે આફતને અવસરમાં પલટી નાંખવો. કેટલાક લોકોની ભુલને મોટી કરીને પોતાના માટે લાભ લઇ લેવો.

## ચાઇનીઝ તુક્કલ ઉડાવવા અને દોરી વેચાણ કરવા પર પ્રતિબંધ

છેલ્લા કેટલાક સમયથી ચાઈનીઝ તુક્કલ ઊડાવવાના કારણે શહેરમાં આગ લાગવાના બનાવો અને તેમાં જાનહાની થવાના બનાવો વધવા લાગ્યા છે.જેને કારણે ૧૭ ડિસેમ્બરથી ૧૬ જાન્યુઆરી સુધી ચાઈનીઝ તુક્કલ અને ચાઈનીઝ દોરી વેચાણ,આયાત,ઉત્પાદન અને ઉડાડવા પર શહેર પોલીસ કમિશ્નરે પ્રતિબંધ ફરમાવ્યો છે.આ અંગે જો જાહેરનામાનુ ઉલ્લંઘન થશે તો આઈપીસી ૧૮૮ અને પોલીસ એકટની ૧૩૧,૧૧૭ મુજબ શિક્ષાને પાત્ર થશે.ઉત્તરાયણમાં ચાઈનીઝ તુક્કલ અને ચાઈનીઝ દોરીના કારણે પશુ,પક્ષીઓને તો નુકશાન થાય છે જેમાં તુક્કલના કારણે આગ લાગવાથી માલ સામાન અને જાનહાનિ ના બનાવ પણ ભુતકાળમાં બનેલા છે.આ અંગે શહેર પોલીસ કમિશ્નરે જાહેરનામુ બહાર પાડી જણાવ્યુ હતું કે ચાઈનીઝ તુકકલ ઉડાડવાથી મોટી દુર્ઘટનાઓ અથવા જાનહાનીના બનાવ બની શકે છે.જે સલામતી અને સુરક્ષા માટે જોખમરુપ છે.તુક્કલના કારણે પર્યાવરણને પણ નુકશાન થાય છે.તેથી ચાઈનીઝ તુક્કલના આયાત,ઉત્પાદન ,વેચાણ, વ્યાપાર, સંગ્રહ અને ઉડાડવા પર પ્રતિબંધ છે.બીજી તરફ કોઈ વ્યક્તિ પશુ,પક્ષી,કોઈ મિલ્કતને ભય,ઈજા ,ધાસ્તી થાય તે રીતે પતંગ પણ ઉડાડવા પર પ્રતિબંધ ફરમાવ્યો છે.


**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.
નવક્રાન્તિ સાપ્તાહિક
9825169386

ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટ્રુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઈરોમીટર તેમજ કોઈપણ સર્જીકલ આઈટમો તદ્દન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૮૯
૯૮૨૪૩૬૨૪૬૨

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

શ્રી નરેન્દ્રભાઇ મોદી, પ્રધાનમંત્રી,ભારત

શ્રી વિજય રુપાણી,,મુખ્યમંત્રી,ગુજરાત

# ગુજરાત જીત્યું
# ફી વધારો હાર્યો ....
# ફી નિયમન અધિનિયમને નામદાર હાઇકોર્ટે પણ સ્વીકાર્યો

## શાળાઓમાં શૈક્ષણિક ફી નિયમનની દિશામાં ગુજરાતે ચીંધ્યો સમગ્ર દેશને દિશા..

## સ્વનિર્ભર શાળાઓમાં હવે ફી નિયમન અધિનિયમને નામદાર હાઇકોર્ટની મંજુરીની મહોર

## શિક્ષણનું વ્યાપારીકરણ અટકાવવામાં રાજ્ય સરકારની સીમા ચિહ્નરૂપ સિધ્ધિ

## વાલીઓ પાસેથી હવે સ્વનિર્ભર શાળાઓમાં મનમાની ફી નહીં વસુલી શકે

## મોંઘીદાટ શૈક્ષણિક ફીમાંથી રાજ્યના લાખો વાલીઓને હવે મળશે મુક્તિ

## રાજ્યના ૩૭ લાખ વિદ્યાર્થીઓને મળશે ફી ઘટાડાનો લાભ

**સ્કુલ ફી નિયમન થકી વાલીઓના હિતની સાથે સાથે ખાનગી શાળાઓમાં ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે સરકાર સતત પ્રયત્નશીલ છે.**

**શ્રી નીતિનભાઇ પટેલ ,નાયબ મુખ્યમંત્રી,ગુજરાત**

# લોભામણી વાતોથી સાવધાન પ્લીઝ

હિન્દીમાં એક કહેવત છે કે "જો ગરજતે હૈ વહ બરસતે નહીં" કહેવતનો અર્થ સીધો છે.સમજણમાં આવે તો અર્થ થાય છે જે વધારે બોલે છે તે કાંઇ કરે નહી માનવી-માનવીથી જ સતેજ રહે અને વાણી વિલાસમાં ક્યાંક ભોળવાઇ ન જાય તે અર્થ આજે સમજીએ તો પણ કાંઇ ખોટુ ન કહેવાય. આ કહેવત માનવીને બુલંદ વાતોથી સાવધાન રહેવાની ઈંધણ પુરુ પાડે છે. સમાજમાં આપણને આ કહેવત અનુસાર યેનકેન પ્રકારે મનોખ મળતા હોય છે.વાક્ચાતુરીથી ભોળો માનવી મિથ્યા વાતોથી છેતરાઇ જતો હોય છે. છેતરનાર વ્યક્તિ આપણી ઉપર ઈન્કમટેક્સ ઓફિસરની જેમ નજર રાખતો હોય છે.આપણને છેતરવા માટે લોભામણી વાતો કરી આપણને નજીક લાવવા માટે પોતે લોહચુંબક બનતો હોય છે.

આજે બજારમાં વિવિધ કપનીઓની ફેસ ક્રિમ ઉપલબ્ધ છે.આ ક્રિમની જાહેરાત પાછળ કંપની લખલુંટ ખર્ચો કરતી હોય છે. ટેલીવિઝન પર આપણને જાહેરાતોનો જાણે રમખાણ ફાટી નીકળ્યું હોય તેમ લાગે. આ જાહેરાતોમાં મોટાભાગે બોલીવુડના અભિનેતાઓ કે અભિનેત્રીઓ જોવા મળતા હોય છે.જાહેરાતોમાં એવું પણ દર્શાવવામાં આવે છે કે આ ક્રિમ વાપરશો તો એક અઠવાડીયામાં ચહેરાનું પરિણામ આવી જશે.જાહેરાતોમાં એવો પણ સંદેશો આપવામાં આવે છે કે હવે તમારા ચહેરા પર તાજગી અને ગોરાપણું અનુભવશો. આ જાહેરાતો ટેલીવિઝન પર નિહાળી આપણે બજારે જઇ ક્રિમની દર મહિને ધુમ ખરીદી કરીએ છીએ.જાહેરાતોના મુળમાં તપાસ કરીએ ત્યારેજ આપણને માલુમ પડે છે કે આ બધી જાહેરાતો માત્ર લોભામણી છે જે આપણને કુદરતે આપેલો ચહેરો જ ખરો છે તેમ આપણને અનુભુતિ થાય છે. ફેસ ક્રિમનો ઉપયોગ કરીને આજનો ક્યો માનવી ગોરો થયો છે ? કેટલા થયા? તેનું સાચુ પરિણામ કોઇ આજ દિન સુધી બતાવી શકતું નથી.અભિનેતા-અભિનેત્રીને ગર્ભશ્રીમંતની જેમ માતાના ગર્ભમાંથીજ ગોરાપણું પ્રાપ્ત થતું હોય છે. આ જાહેરાતનું સાચુ ભાન કોણ કરાવશે ? સૌ અસંમજમાં છે,છેતરાઈ કે ભોળવાઇ જવાની પરંપરા ક્યાં સુધી. આપણા દેશમાં ભલભલા આંદોલનો છાશ વારે થતા હોય છે.પણ ખોટી અને લોભામણી જાહેરાતોનું ઉગ્ર આંદોલન ક્યારે થશે ?અહીં વાત માત્ર ક્રિમની જ નથી અન્ય વસ્તુઓની પણ છે.

જાહેરાતોમાં છેતરાઇ જવાનો કિસ્સો મારા વ્હાલા ગામમાં થયો હતો તે કિસ્સો હજુ મારી સ્મૃતિમાં ઘુમ્યા કરે છે.લગભગ પચીસ વર્ષ પહેલાં મારા ગામમાં જુના વાસણોના બદલામાં નવા વાસણો મળશે તેવી લોભાણી જાહેરાત કરતો એક વ્યક્તિ આવ્યો. આજે આપણે આ જાહેરાતને એક્સચેન્જ ઓફર કહીએ છીએ. ગામનું એક પણ ફળિયું બાકી ના હોય કે જે જાહેરાતથી વિહોણું રહી ગયું હોય.આ જાહેરાતથી ભોળા આદિવાસીઓ ઘરમાં જેટલા જુના ઠા પડયા હતા તે બધા જ પેલા ભાઇને આપી દીધા.સમગ્ર ગામમાંથી ઠામ ભેગા કર્યા તો લગભગ એક મોટા ટેમ્પાની ભરતી થઇ ગઇ હતી.પેલા ભાઇએ ટેમ્પો મંગાવ્યો અને તેમાં વાસણો ઠાંસી ઠાંસીને ભર્યા. ટેમ્પાની ચોમેર લોકોની ઠઠ જામી ગઇ હતી.આથી પેલા ભાઇએ ગ્રામજનોને રામ રામ ભાઇઓ,રામ રામ કહીને વિદાય લીધી.ગ્રામજનો માહોમાંહે ચર્ચા કરવા લાગ્યા હવે આપણને નવા નકોર ઠામ મળશે. પેલા ભાઇએ એક પખવાડીયાની મુદત આપી હતી.એટલે લોકો કાગડોળે રાહ જોવા લાગ્યો. એક પખવાડીયું સમાપ્ત થયું પણ પેલા ભાઇનું ગામમાં પુન : આગમન થયું નહીં. એક પખવાડીયા પછી એક ખબરપત્રી આવ્યો અને લોકોને સંદેશો આપ્યો. વાસણવાળો ભાઇ રાતોરાત રફુચક્કર થઇ ગયો છે તેની હવે વાટ જોશો નહીં. લોકોએ સ્વીકારી લીધું કે હવે આપણા ઠામ ગયા તે ગયા ફરી ના મળે.અહીં લોકો હિન્દીની કહેવાત સાચી ઠરે છે 'અબ પછતાયે ક્યા ફાયદા જબ ચીડીયા ચુગ ગઇ ખેત '

દિવાળીના ઉત્સવ પર દિવાળી થમાકા સેલ શિર્ષક હેઠળ જાહેરાતો અખબારોમાં ભરેલી હોય છે.આ સેલમાં એક વસ્તુની ખરીદી પર બીજી મફતમાં મળે છે.પણ વસ્તુમાં ભારે ગરબડ હોય છે.એક દિવસે હું દુકાને ગયો. દુકાનદારને કે કહ્યું. કોઇ સારી અને ટકાઉ ચાદર બતાવો. દુકાનદારે એક ચાદર બતાવી. ચાદર મને સારીને ટકાઉ જણાઇ.અને દુકાનદારે પણ વધુ ઉમેરીને કહ્યું સાહેબ ખુભ સારી ચાદર છે.એમાં કાંઇ ઘટે નહીં. હું ચાદર લઇ ઘરે ગયો અને ચાદરનો ધોઇ અને પાણી નીચોવ્યું.ચાદરમાં જેમ સુકા તુણમાં આગ લાગી હોય તેવો અવાજ આવવા લાગ્યો. આથી મે હાઇસ્કુલમાં ભણેલો પાઠ થીગડું યાદ આવવા લાગ્યો.ચાદરમાં થીગડાની હારમાળા થઇ ગઇ હતી.

માનવી -માનવીને છેતરે તે વાત હવે નવી રહી નથી.હવે ખુબ જુની થઇ ગઇ છે.છેતરનાર વ્યક્તિ વર્ષોની પરંપરા જાળવી રાખતો હોય છે. વાતનું વતેસર કરનાર વ્યક્તિથી સાવધાન રહીએ. આપણે છેતરાઇ જઇએ તે માટે છેતરનાર વ્યક્તિ કાગનો વાઘ કરતો હોય છે.જીંદગીમાં એ વાત પણ યાદ રાખવા જેવી છે કે દગો કોઇનો સગો થતો નથી. કવિ કાન્તનો હું એક દાખલો દઇ આ લેખને વિરામ આપીશું. કવિ કાન્ત બજારમાં શાકભાજી લેવા જાય ત્યારે કાયમ માટે છેતરાયને ઘેર આવે. પત્ની તેમને સંભળાવે અરે તમે શેર રીંગણાના બે આના આપીને ઘેર આવ્યા છો તે બજારે એક આનાનો જ ભાવ છે.શાકભાજવાલો તમને છેતરી ગયો. કવિ પત્નીનો ઠપકો સાંભળીને તેને એક સુંદર વાક્ય સંભળાવતા.બિચારો શાકભાજીવાળો, છેતરાય ગયો , ખરા અર્થમાં છેતરનાર છેતરાય છે.

મથુર વસાવા (ઉના)

# હજારો ભારતીયો અને તેમના પરિવારોને યુએસ સરકારના એચ-૧બી વિઝા ના કડક નિયમોની માઠી અસર થશે

ટ્રમ્પ સરકાર નવા નિયમો શરુ કરી રહી છે. તેમાં એચ-૧બી વિઝાના નિયમો વધુ કડક બનાવવામાં આવી રહ્યા છે.નવા નિયમો મુજબ એચ-૧બી વિઝા ધારકો ના પતિ કે પત્નિ તરીકે રહેનાર ડિપેન્ડન્ટ માટે ત્યાં નોકરી કરવી મુશ્કેલ બનશે.અમેરિકાની ટ્રમ્પ સરકાર દ્વારા એચ-૧ બી વિઝા ઘારકોના પતિ કે પત્ની અમેરિકામાં નોકરી કરતા હોય તો આવા જીવનસાથી એટલે કે તેના ડિપેન્ડન્ટ દ્વારા નોકરી પર પ્રતિબંધ મુકવા વિચારાઇ રહ્યુ છે.આમ એચ -૧બી વિઝાધારકના જીવનસાથીને વર્ક ઓથોરાઈઝેશન એટલે બીજા શબ્દોમાં કહીએ તો વર્ક પરમિટ આપવામાં આવશે નહીં.અમેરિકાની સરકારના આ નિર્ણયની અમેરિકામાં એચ-૧બી વિઝા પર જોબ કરતાં હજારો ભારતીયો ને તેમના પરિવારો પર માઠી અસર થશે.

યુએસ પ્રમુખની બાય અમેરિકન એન્ડ હાયર અમેરિકન નીતિ હેઠળ આ નિર્ણય લેવામાં આવશે.પોતાના સ્પાઉસને નોકરી મેળવવાનું મુશ્કેલ બનતાં હજારો હાઇ સ્કિલ્ડ ઈમીગ્રન્ટસ માટે અમેરિકામાં રહેવું મુશ્કેલ બનશે તેવો નિષ્ણાતોનો મત છે.સરકારના આ નિર્ણયથી ત્યાં ભારે મહેનત કરતાં અને વ્યક્તિગત રીતે પોતનો વેપાર કરતાં લોકો અને યુએસ સીટીઝનશીપ ધરાવતાં બાળકોના માતાપિતા માયે યુએસમાં નોકરી મેળવવી મુશ્કેલ બનશે.ટ્રમ્પ સરકાર એચ-૧બી વિઝા હેઠળ ક્યા ક્યા વ્યવસાયને પાત્રતા ધરાવતા ગણવા તે નક્કી કરીને તેની નવી વ્યાખ્યા ઘડશે.

ફેગોમેન વર્લ્ડવાઇડના પાર્ટનર સ્કોટ જે ફીટજગેરાલ્ડે કહ્યુ હતું કે એચ-૧બી કેપ લોટરી સિસ્ટમમાં પરિવર્તનની જાહેરાત ફેબ્રુઆરી ૨૦૧૮ સુધી નહીં કરવામાં આવે. તેમાંય નોટિસ એન્ડ કોમેન્ટકની આદર્શ પ્રક્રિયા હેઠળ આ પરિવર્તનોની જાહેરાત કરવાની હોય તો એપ્રિલ ૨૦૧૮ થી શરુ થનારી એચ-૧બી કેપ પ્રક્રિયા વખતે તે પરિવર્તનો કે ફેરફાર અમલી પણ નહીં બની શકે કેમકે નોટિસ એન્ડ કોમેન્ટ પ્રક્રિયા માટે કેટલાક મહિના લાગતા હોય છે.

ફિટજેરાલ્ડે કહ્યુ હતું કે નોટિસ એન્ડ કોમેન્ટની જોગવાઇના અમલ વીના તાકીદની અસરથી જો નવા નિયમો અમલી બનશે અને પ્રિ રજીસ્ટ્રેશન સિસ્ટમ અમલી બની જશે તો અનેક કંપનીઓની કવાયત વધી જશે.નવી પસંદગી પ્રક્રિયા મુજબ અનેક અરજીઓ પસંદગીપાત્ર ના રહેતાં કંપનીઓ પોતે તૈયાર કરેલી અરજીઓ પુરેપુરી દાખલ પણ નહીં કહી શકે.ભારતીયોને આ નિયમોની વધુ અસર થશે.


સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફક્ત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં:૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં:૯૮૯૮૦૭૨૮૮૧

**ગ્લોરી કેટરીગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.

શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩

ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪

**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/ પૂરું થયેલ છે.સરનામાની ટીકડી ચેક કરો.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭

ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

**ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર**

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

**સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર**

પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.

મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૯૭૧૪૫૧૮૩૬૭


તંત્રીઃ પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યું.